

# 9 પ્રેઝન્ટેશન સૉફ્ટવેરનો પરિચય


## પરિચય

આપણે સતત સંવાદ કરતાં રહીએ છીએ, પરંતુ વિવિધ પ્રકારના પ્રેક્ષકો સુધી આપણો સંદેશ પહોંચાડવા માટે માત્ર એક જ પદ્ધતિ પર આધાર રાખવો હંમેશા પૂરતો નથી. કલ્પના કરો કે તમે ફોન પર વાત કરી રહ્યા છો. આપણે આપણા મિત્રને સાંભળી શકીએ છીએ, પરંતુ આપણે તેની પ્રતિક્રિયાઓ જોઈ શકતા નથી. જો આપણા વેકેશન વર્કશોપ વિશે એક પત્ર લખીએ, તો તે માત્ર શબ્દો હશે. પરંતુ તેમાં એક ફોટો ઉમેરો, અને મિત્ર વર્કશોપ દરમ્યાન આપણે મેળવેલ આનંદ અને શીખવાની કલ્પના કરવાનું શરૂ કરી શકે છે. એક વીડિયો ક્લિપ મોકલો, અને આપણે વર્કશોપમાં જે કંઈ કર્યું તેનો વધુ સ્પષ્ટ ચિતાર તેને મળશે. મૂળભૂત રીતે, આપણે જેટલી વધુ રીતથી માહિતી રજૂ કરીએ છીએ, આપણું સંચારણ (communication) તેટલું મજબૂત બને છે. મલ્ટિમીડિયાનો મુખ્ય વિચાર એ જ છે કે વિવિધ ઘટકોનો ઉપયોગ કરીને આપણી રજૂઆતને વધુ અસરકારક અને માહિતીપ્રદ બનાવવી.

આ પ્રકરણમાં, આપણે કેવી રીતે અસરકારક ડિજિટલ પ્રેઝન્ટેશન બનાવવા તેનો અભ્યાસ કરીશું. આપણે લિબ્રેઑફિસથી તો પરિચિત છીએ જ. ઈમ્પ્રેસ (Impress) એ લિબ્રેઑફિસ દ્વારા રચિત પ્રેઝન્ટેશન સૉફ્ટવેર છે. ઈમ્પ્રેસ સરળ પ્રેઝન્ટેશનથી લઈને એનિમેશન, ગ્રાફ, ટેબલ, પિક્ચર, યાદીઓ (lists) અને ઈન્ટરેક્ટિવ નેવિગેશન ધરાવતા પ્રેઝન્ટેશન બનાવવામાં મદદરૂપ બને છે. ઈમ્પ્રેસમાં આકર્ષક બેકગ્રાઉન્ડ્સ, વિવિધ એનિમેશન ઈફેક્ટ, સક્ષમ ટેક્સ્ટ ફોર્મેશન, અસરકારક ટ્રાન્ઝિશન, રંગીન ચાર્ટ્સ વગેરે જેવી ઘણી સુવિધાઓ છે.

## મલ્ટિમીડિયા

મલ્ટિમીડિયા શબ્દ "મલ્ટિપલ" (એક કરતાં વધુ) અને "મીડિયા" (માધ્યમ)શબ્દોથી બનાવવામાં આવ્યો છે. મલ્ટિમીડિયા એટલે કોઈ વિચારને રજૂ કરવા માટે એક કરતાં વધુ પ્રકારના માધ્યમોનો ઉપયોગ કરવો. ખાસ કરીને તે લખાણ (text), ધ્વનિ (sound), પિક્ચર, વીડિયો અને એનિમેટેડ કન્ટેન્ટ જેવા વિવિધ ઘટકોને એકસાથે વણી લે છે. સંદેશાઓને વ્યવસ્થિત કરવામાં મલ્ટિમીડિયા મદદ કરે છે, જે તેને પ્રેક્ષકો માટે વધુ સ્પષ્ટ બનાવે છે. મલ્ટિમીડિયાના વિવિધ ઘટકો આકૃતિ 9.1માં દર્શાવેલ છે.




**આકૃતિ 9.1 : મલ્ટિમીડિયાના ઘટકો**

## ડિજિટલ પ્રેઝન્ટેશન

ટેક્નોલોજી અને સૉફ્ટવેરનો ઉપયોગ કરીને પ્રેક્ષકો સાથે સેતુ રચવા અને માહિતી તથા વિચારો પહોંચાડવાની આધુનિક રીતને ડિજિટલ પ્રેઝન્ટેશન કહે છે. તે પરંપરાગત પદ્ધતિઓ કરતાં વધુ ડાયનેમિક અને આકર્ષક અનુભવ આપે છે. અસરકારક સંચારણ અને પ્રેક્ષકોને જોડવા માટે બિઝનેસ મીટિંગ્સથી લઈને શૈક્ષણિક વ્યાખ્યાનો અને ઓનલાઈન કાર્યક્રમો સુધીના દરેક કાર્યમાં ડિજિટલ પ્રેઝન્ટેશન ચાવીરૂપ છે. ડિજિટલ પ્રેઝન્ટેશન દેખાવમાં આકર્ષક અને સંવાદિત (ઈન્ટરેક્ટિવ) હોય છે.

## પ્રેઝન્ટેશન સૉફ્ટવેરનો પરિચય

પ્રેઝન્ટેશન સૉફ્ટવેર એ એક કમ્પ્યૂટર પ્રોગ્રામ છે જે ખાસ કરીને ડિજિટલ પ્રેઝન્ટેશન બનાવવા, સંપાદિત કરવા



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

અને રજૂ કરવા માટે રચાયેલ છે. પ્રેઝન્ટેશન સૉફ્ટવેરની મદદથી આપણે સ્લાઇડ શો બનાવીએ છીએ, જે એકબીજા સાથે જોડાયેલી સ્લાઇડની શ્રેણી છે. સ્લાઇડ શોની દરેક સ્લાઇડ વિવિધ મલ્ટિમીડિયા ઘટકો દર્શાવી શકે છે. આનાથી પ્રેઝન્ટેશન અવિશ્વસનીય રીતે અસરકારક બને છે.


બજારમાં ઉત્તમ પ્રેઝન્ટેશન સૉફ્ટવેરની વિશાળ શ્રેણી ઉપલબ્ધ છે, જેમાં Microsoft PowerPoint, Google Slides, Apple Keynote, Canva અને Prezi કેટલાક સૌથી લોકપ્રિય ઉદાહરણો છે. આ સાધનો સુવિધાઓ અને ટેમ્પ્લેટ્સથી ભરપૂર છે, જે ઉપયોગકર્તા માટે સરળતાથી સમૃદ્ધ અને આકર્ષક સ્લાઇડ શોની રચના સક્ષમ બનાવે છે. આ પ્રકરણમાં આપણે ઇમ્પ્રેસ (Impress) – જે લિબ્રેઑફિસ સ્યૂટમાં સમાવિષ્ટ ઓપન-સોર્સ પ્રેઝન્ટેશન સૉફ્ટવેર છે – તેનો પરિચય મેળવીશું.

## ઇમ્પ્રેસ શરૂ કરવું

આપણે જુદીજુદી રીતે ઇમ્પ્રેસ શરૂ કરી શકીએ છીએ :

- જો શૉર્ટકટ બનાવેલો હોય તો ડેસ્કટૉપ પર *ઇમ્પ્રેસ* માટેનું એક આઇકન મળશે. ઇમ્પ્રેસ શરૂ કરવા માટે આ આઇકન પર ડબલ ક્લિક કરો.
- આપણે ઉબુન્ટુ ડેશબોર્ડ પરના *Applications* આઇકન પર પણ ક્લિક કરી *Impress* શોધી શકીએ છીએ. ઇમ્પ્રેસ આઇકન દેખાય પછી પ્રોગ્રામ શરૂ કરવા માટે તેના પર ફક્ત ક્લિક કરો.

જ્યારે આપણે ઇમ્પ્રેસ શરૂ કરીએ છીએ, ત્યારે સ્ક્રીન પર એક ખાલી સ્લાઇડ વિવિધ ટૂલ્સ અને પેનલ્સ સાથે દેખાય છે. આકૃતિ 9.2 ઇમ્પ્રેસ વિન્ડોના આ પ્રારંભિક લે-આઉટને દર્શાવે છે.




**આકૃતિ 9.2 : ઇમ્પ્રેસનો પ્રારંભિક લેઆઉટ**

ઇમ્પ્રેસ વિન્ડોના દરેક ઘટકનો પરિચય મેળવીએ.

### ટાઇટલ બાર (Title bar)

ઇમ્પ્રેસ વિન્ડોની સૌથી ઉપરના પટ્ટાને ટાઇટલ બાર કહેવામાં આવે છે. તે એપ્લિકેશનનું નામ અને પ્રેઝન્ટેશનનું શીર્ષક દર્શાવે છે. હજી સુધી આપણું કાર્ય સેવ થયું નથી, તેથી તે અહીં "Untitled 1" દર્શાવશે. ટાઇટલ બાર પર



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

માઉસ લઈ જઈએ તો મેનુ બાર અને ત્રણ વિન્ડો નિયંત્રણ બટનો : *Close*, *Minimize*, અને *Restore* જોવા મળશે.

### સ્ટાન્ડર્ડ ટૂલબાર (Standard toolbar)

સ્ટાન્ડર્ડ ટૂલબાર ટાઈટલ બારની બરાબર નીચે આવેલું છે. તે *New*, *Open*, *Save*, *Print*, *Cut*, *Copy*, *Paste*, *Undo* અને *Redo* જેવા સામાન્ય આદેશોનો ઝડપી અમલ કરવાની સુવિધા આપે છે.

### લાઈન એન્ડ ફીલિંગ ટૂલબાર (Line and Filling toolbar)

આ ટૂલબારનો ઉપયોગ સ્લાઈડ પર ડ્રોઈંગ ઑબ્જેક્ટ્સના દેખાવને નિયંત્રિત કરવા માટે થાય છે. તે રેખાઓ અને આકારોમાં રંગ ભરવા અંગેના વિકલ્પોની ઝડપી સુવિધા પૂરી પાડે છે.

### સ્લાઈડ પેન (Slide Pane)

આ વિભાગ આખા પ્રેઝન્ટેશન માટે એક દૃશ્ય ઝાંખી (visual overview) અને વ્યવસ્થાપન કેન્દ્ર (management hub) પૂરું પાડે છે. તે પ્રેઝન્ટેશનની બધી સ્લાઈડની નાની (થંબનેલ) ઈમેજ દર્શાવે છે, જે આપણને ફક્ત ઈચ્છિત થંબનેલ પર ક્લિક કરીને તેમની વચ્ચે ઝડપથી ફરવા દે છે. પેનની અંદર થંબનેલ્સને ડ્રેગ કરીને સ્લાઈડનો ક્રમ પણ સરળતાથી બદલી શકાય છે.

### વર્કસ્પેસ (Workspace)

આ ઈમ્પ્રેસ વિન્ડોનો સૌથી મોટો અને મુખ્ય કેન્દ્રીય વિસ્તાર છે. અહીં આપણે પ્રેઝન્ટેશનના તમામ ઘટકો ઉમેરીશું અને અસરો (effects) લાગુ કરીશું. સ્લાઈડ પેનમાં કોઈ સ્લાઈડ પર ક્લિક કરવાથી તે વર્કસ્પેસમાં મૂકવામાં આવે છે.

### ટાસ્ક પેન (Tasks pane)

આ ઈમ્પ્રેસ વિન્ડોની જમણી બાજુએ આવેલી એક ડાયનેમિક પેનલ છે. તેમાં પાંચ વિભાગ હોય છે : *માસ્ટર પેજિસ (Master Pages)*, *લેઆઉટ્સ (Layouts)*, *ટેબલ ડિઝાઈન (Table Design)*, *કસ્ટમ એનિમેશન (Custom Animation)* અને *સ્લાઈડ ટ્રાન્ઝિશન (Slide Transition)*. ટાસ્ક પેનના દરેક વિભાગની સંક્ષિપ્ત સમજૂતી આ મુજબ છે :

**માસ્ટર પેજીસ (Master Pages) :** સ્લાઈડ માસ્ટર શીર્ષકો અને આઉટલાઈન માટે ટેક્સ્ટ સ્ટાઈલ સેટ કરે છે, અને તે દરેક સ્લાઈડ માટે બેકગ્રાઉન્ડ ડિઝાઈન પણ વ્યાખ્યાયિત કરે છે. જો આ વિકલ્પ પસંદ કરવામાં આવે તો *માસ્ટર પેજિસ* હેઠળ ઘણી બધી પહેલેથી વ્યાખ્યાયિત કરવામાં આવેલી સ્લાઈડ જોવા મળશે. આ દરેક પૂર્વવ્યાખ્યાયિત સ્લાઈડ અનન્ય ટેક્સ્ટ સ્ટાઈલ અને બેકગ્રાઉન્ડ ધરાવે છે. ઉપલબ્ધ વિકલ્પોમાં પૂર્વનિર્ધારિત સ્લાઈડ માસ્ટર એ બ્લેન્ક ટેમ્પ્લેટ છે. ઉપલબ્ધ માસ્ટર પેજિસ આકૃતિ 9.3માં દર્શાવેલ છે.





**આકૃતિ 9.3 : માસ્ટર પેજિસ**




Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

**લેઆઉટ્સ (Layouts) :** આ વિકલ્પ પસંદ કરવાથી પહેલેથી આપવામાં આવેલા લેઆઉટ્સ દર્શાવવામાં આવે છે, જે દરેક જુદી જુદી સંખ્યા અને કદના પ્લેસહોલ્ડર્સ ધરાવે છે. આ પ્લેસહોલ્ડર્સ આકૃતિ 9.4માં દર્શાવ્યા મુજબ ટાઈટલ, ટેક્સ્ટ, ઈમેજ, ચાર્ટ્સ, ટેબલ અથવા મૂવી જેવી વિવિધ પ્રકારની માહિતી દાખલ કરવાની સુવિધા આપે છે.




આકૃતિ 9.4 : લેઆઉટ





આકૃતિ 9.5 : ટેબલ ડિઝાઈન

**ટેબલ ડિઝાઈન (Table Design) :** જ્યારે આપણે *ટેબલ ડિઝાઈન* વિકલ્પ પસંદ કરીએ છીએ, ત્યારે પસંદ કરવા માટે પ્રમાણભૂત ટેબલ સ્ટાઈલની એક શ્રેણી જોવા મળે છે. આપણે ચોક્કસ રો અને કૉલમના હાઈલાઈટિંગને પણ સરળતાથી દર્શાવી કે છુપાવી શકીએ છીએ. વિવિધ ટેબલ ડિઝાઈન આકૃતિ 9.5માં દર્શાવી છે.




આકૃતિ 9.6 : કસ્ટમ એનિમેશન




આકૃતિ 9.7 : સ્લાઈડ ટ્રાન્ઝિશન



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

**કસ્ટમ એનિમેશન (Custom Animation) :** એનિમેશન દ્વારા સ્લાઇડમાં સમય સાથે વિઝ્યુઅલ ફેરફારો ઉમેરીને સ્લાઇડને જીવંત બનાવી શકાય છે. આ વિભાગમાં સ્લાઇડની કોઈપણ પસંદ કરેલી વસ્તુ પર વિવિધ એનિમેશન અસરો લાગુ કરી શકાય છે. આપણને પસંદ કરવા માટે એનિમેશનની વિશાળ શ્રેણી મળશે, અને જો જરૂર પડે તો આપેલ એનિમેશનને પછીથી સરળતાથી બદલી અથવા દૂર કરી શકાય છે. કસ્ટમ એનિમેશનમાં ઉપલબ્ધ વિકલ્પો આકૃતિ 9.6માં દર્શાવેલ છે.

**સ્લાઇડ ટ્રાન્ઝિશન (Slide Transition) :** પ્રેઝન્ટેશન દરમિયાન એક સ્લાઇડમાંથી બીજી સ્લાઇડ પર જતી વખતે દર્શાવવામાં આવતી વિઝ્યુઅલ અસરને સ્લાઇડ ટ્રાન્ઝિશન કહે છે. ટ્રાન્ઝિશનને એક જ સ્લાઇડ, અનેક સ્લાઇડ, અથવા તો સમગ્ર પ્રેઝન્ટેશન પર લાગુ કરી શકાય છે. જો આપણે ઇચ્છીએ, તો સ્લાઇડ વચ્ચે સરળ અને તાત્કાલિક બદલાવ માટે *નો ટ્રાન્ઝિશન (No transition)* પણ પસંદ કરી શકીએ છીએ. સ્લાઇડ ટ્રાન્ઝિશનની યાદી આકૃતિ 9.7માં દર્શાવેલ છે.

વળી, આપણે ટ્રાન્ઝિશનની ઝડપ પર પણ નિયંત્રણ કરી શકીએ છીએ, જેમાં ધીમું (slow) ટ્રાન્ઝિશન, મધ્યમ ટ્રાન્ઝિશન (medium), અથવા ઝડપી ટ્રાન્ઝિશન (fast)ના વિકલ્પો હોય છે. ટ્રાન્ઝિશનને ચોક્કસ સમયગાળા પછી આપમેળે અમલ કરવા માટે અથવા ક્લિક કરીને અમલમાં મુકવા માટે સેટ કરી શકાય છે. વધુમાં, સ્લાઇડ ટ્રાન્ઝિશન સાથે ધ્વનિ પણ ઉમેરી શકાય છે.

## ડ્રૉઇંગ ટૂલબાર (Drawing Toolbar)

વર્કસ્પેસની નીચે *ડ્રૉઇંગ* ટૂલબાર આપવામાં આવ્યું છે, જેમાં અનેક પ્રકારના વિઝ્યુઅલ ઘટકો બનાવવા માટેના ટૂલ્સ આપવામાં આવ્યા છે. તેમાં મૂળભૂત આકારો (basic shapes), તીરની નિશાનીઓ (arrows), કનેક્ટર્સ (connectors), પ્રતીકો (symbols), બ્લૉક તીરની નિશાનીઓ (block arrows), કૉલઆઉટ્સ (callouts), સ્ટાર્સ (stars), ફૉન્ટવર્ક (fontwork) અને બીજા ઘણા વિકલ્પોનો સમાવેશ થાય છે.

## સ્ટેટસ બાર (Status bar)

ઇમ્પ્રેસ વિન્ડોની તદ્દન નીચેના ભાગમાં *સ્ટેટસ બાર* દર્શાવવા આવે છે. આ બાર વર્તમાન સ્લાઇડ નંબર અને કુલ સ્લાઇડની સંખ્યા જેવી માહિતી દર્શાવે છે. તે પસંદ કરેલા માસ્ટર પેજનું નામ અને ઝૂમ લેવલ પણ બતાવે છે. તદુપરાંત, તે વર્કસ્પેસ પરના આપણા માઉસ પોઇન્ટરના કોઓર્ડિનેટ્સ અને વર્કસ્પેસના કોઈપણ પસંદ કરેલા ભાગનો વિસ્તાર પણ દર્શાવે છે.

> **નોંધ :** View મેનુ વિકલ્પોનો ઉપયોગ કરીને ઇમ્પ્રેસ વિન્ડોમાંથી કોઈપણ ટૂલબાર અથવા વિભાગ (pane)ને સરળતાથી છુપાવી શકીએ છીએ. તેનાથી વિપરીત, જો વધુ ટૂલ્સની જરૂર હોય તો વધારાના ટૂલબાર ખોલવા માટે View → Toolbars પસંદ કરી શકાય છે.

## પ્રથમ પ્રેઝન્ટેશન બનાવવું

આપણે પ્રેઝન્ટેશન સૉફ્ટવેરની મૂળભૂત બાબતો શીખ્યા. હવે, ચાલો ઇમ્પ્રેસમાં આપણી શાળા વિશેની પ્રથમ સ્લાઇડ બનાવીએ.

જ્યારે આપણે ઇમ્પ્રેસ ખોલીએ છીએ, ત્યારે બે પ્લેસહોલ્ડર્સ સાથેની પૂર્વનિર્ધારિત ખાલી સ્લાઇડ દેખાશે. (જુઓ આકૃતિ 9.2). વિવિધ પ્રકારની વિગતો ઉમેરવા માટેની જગ્યા બનાવવા માટે આપણે સ્લાઇડનું લેઆઉટ બદલીને આ કાર્યની શરૂઆત કરીએ.

પ્રથમ સ્લાઇડનું લેઆઉટ બદલવા માટે નીચેના પગલાં અનુસરો :

- *ટાસ્કસ પેન*માં *Layout* વિભાગ પર ક્લિક કરો.
- *Title and 2 Content* લેઆઉટ પર ક્લિક કરો.

હવે વર્તમાન સ્લાઇડ ત્રણ પ્લેસહોલ્ડર્સ દર્શાવશે : એક શીર્ષક માટે, અને બે તેની નીચે ડેટા દાખલ કરવા માટે. પ્લેસ હોલ્ડરમાં વિગતો ઉમેરવા નીચેના પગલાં અનુસરો :


- શીર્ષક પ્લેસહોલ્ડર પર ક્લિક કરો અને શાળાનું નામ ટાઇપ કરો.
- નીચેના ડાબી તરફના પ્લેસહોલ્ડર પર ક્લિક કરો અને શાળા વિશે કોઈપણ સંબંધિત લખાણ ઉમેરો.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

- નીચેના જમણા પ્લેસહોલ્ડરમાં આવેલ *Insert Picture* બટન પર ક્લિક કરો. આમ કરવાથી *Insert Picture* ડાયલોગ બૉક્સ રજૂ કરવામાં આવશે. જે સ્થાને શાળાનો લોગો સેવ કરેલ હોય તે ફોલ્ડર સુધી પહોંચી ફાઈલ પસંદ કરો. પસંદ કરેલ લોગોની ઈમેજને આપણી સ્લાઈડમાં દાખલ કરવા માટે *Open* પર ક્લિક કરો.

સ્લાઈડમાં લેઆઉટનો અપડેટ થયેલ દેખાવ આકૃતિ 9.8માં દર્શાવેલ છે.





**આકૃતિ 9.8 : લેઆઉટ બદલ્યા પછી અપડેટ થયેલ સ્લાઈડનો દેખાવ**

સ્લાઈડની વિઝ્યુઅલ અપીલ વધારવા માટે આપણે સરળતાથી તેનું માસ્ટર પેજ બદલી શકીએ છીએ. આ પગલાં અનુસરો :

1. *Tasks pane*માં, *Master Pages* વિભાગ પર ક્લિક કરો. વિવિધ માસ્ટર પેજ વિકલ્પો પ્રદર્શિત થયેલા જોવા મળશે.
2. પસંદગી અનુસાર કોઈપણ માસ્ટર પેજ પર ક્લિક કરવાથી તે સ્લાઈડ પર લાગુ થઈ જશે.

માસ્ટર પેજ લાગુ કર્યા પછીનો અપડેટ થયેલો દેખાવ આકૃતિ 9.9માં દર્શાવવામાં આવ્યો છે.




**આકૃતિ 9.9 : માસ્ટર પેજ લાગુ કર્યા પછી અપડેટ થયેલ સ્લાઈડનો દેખાવ**




Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

સ્લાઇડને જોવા માટે હવે તૈયાર છો? ફૂલ-સ્ક્રીન સ્લાઇડ શો તરીકે જોવા માટે *F5* ફંક્શન કી દબાવો અથવા *Slide Show* મેનૂ માંથી *Slide Show* વિકલ્પ પસંદ કરો. ત્યારબાદ સ્લાઇડ ઈમ્પ્રેસ વિન્ડોના ઘટકોને દર્શાવ્યા વગર ફૂલ-સ્ક્રીન મોડમાં પ્રદર્શિત થશે.

સ્લાઇડ શોમાંથી બહાર નીકળવા અને ઈમ્પ્રેસ વિન્ડો પર પાછા આવવા માટે *Escape* કી દબાવો અથવા ગમે ત્યાં રાઇટ-ક્લિક કરો અને *End Show* વિકલ્પ પસંદ કરો.

## પ્રેઝન્ટેશનમાં વધુ સ્લાઇડ ઉમેરવી

આપણે પહેલી સ્લાઇડ બનાવી લીધી છે. ચાલો, હવે શાળા વિશે વધુ વિગતો ઉમેરીએ. પ્રેઝન્ટેશનમાં બીજી સ્લાઇડ ઉમેરવા માટે, *Insert* મેનૂમાંથી *Slide* પસંદ કરો. જોઈ શકાશે કે આ નવી સ્લાઇડમાં આપમેળે અગાઉની સ્લાઇડનું લેઆઉટ અને માસ્ટર પેજ લાગુ પાડવામાં આવશે. અહીં એ નોંધ લો કે આપણે વ્યક્તિગત સ્લાઇડ માટે અલગ-અલગ લેઆઉટ પસંદ કરી શકીએ છીએ, પરંતુ કોઈપણ સ્લાઇડ પર માસ્ટર પેજ બદલવાથી તે ફેરફાર પ્રેઝન્ટેશનની તમામ સ્લાઇડ પર લાગુ થશે.



Academics

| Name of Section | Medium | Classes |
|---|---|---|
| Kindergarten | English and Gujarati | Balwadi, Sr. K.G., Jr. K.G. |
| Primary | Gujarati | 1 to 8 |
| Secondary | Gujarati | 9 to 12 (Science and Commerce) |
| Modern School | English | 1 to 8 |
| Modern Highschool | English | 9 to 12 (Science and Commerce) |

**આકૃતિ 9.10 : શાળાના વિભાગો દર્શાવતી સ્લાઇડ**

પ્રેઝન્ટેશનમાં બીજી સ્લાઇડ ઉમેરો અને શાળાના વિવિધ વિભાગોની વિગતો ઉમેરો. માહિતીને વધુ આકર્ષક બનાવવા માટે, ટેબલ અથવા પિક્ચર જેવા ઘટકોનો છૂટથી ઉપયોગ કરી શકો છો. ડેટાને ગોઠવવા માટે આપણા ઉદાહરણમાં એક ટેબલનો ઉપયોગ કર્યો છે. પરિણામ આકૃતિ 9.10માં જોઈ શકાય છે.

ચાલો, પ્રેઝન્ટેશનમાં બીજી એક સ્લાઇડ ઉમેરીએ અને શાળાની વિવિધ પ્રવૃત્તિઓની વિગતો ઉમેરીએ. ઘણીવાર, માત્ર લખાણ કરતાં દશ્યો વધુ અસરકારક રીતે વિચારો રજૂ કરે છે. તો શાળાની પ્રવૃત્તિઓ માટે એક સ્લાઇડ બનાવીએ જેમાં સંબંધિત ઈમેજ સાથે તેના શીર્ષક પણ શામેલ હોય.

Insert મેનૂ માંથી Slide વિકલ્પ પસંદ કરીને એક નવી સ્લાઇડ પ્રેઝન્ટેશનમાં ઉમેરો. સ્લાઇડ માટે Title only (માત્ર શીર્ષક) લેઆઉટ પસંદ કરો અને Activities શીર્ષક ઉમેરો. હવે, સ્લાઇડમાં પિક્ચર દાખલ કરવા માટેના પગલાં અનુસરો :

- *Insert* મેનૂ પર ક્લિક કરો.
- *Picture* સબમેનુ પર જાઓ અને *From File* વિકલ્પ પસંદ કરો.
- *Insert Picture* ડાયલોગ બૉક્સ રજૂ કરવામાં આવશે. તેમાં ઈચ્છિત પિક્ચર ફાઈલને શોધો અને ક્લિક કરો.
- *Open* બટન પર ક્લિક કરો. પસંદ કરેલ પિક્ચર સ્લાઇડમાં ઉમેરાઈ જશે.

એકવાર પિક્ચર દાખલ કરવામાં આવે પછી તેનું કદ બદલવાની જરૂર પડી શકે છે. આ માટે પિક્ચરને પસંદ કરવા માટે તેના પર ક્લિક કરો. તેની કિનારીઓ આસપાસ આઠ નાના લીલા બિંદુઓ (edit points) દેખાશે. પિક્ચરનું માપ બદલવા માટે આ લીલાં બિંદુઓમાંથી કોઈપણને ફક્ત અંદરની તરફ અથવા બહારની તરફ ડ્રેગ કરો. સ્લાઇડ પર પિક્ચરને યોગ્ય જગ્યાએ ખસેડવા માટે પિક્ચર પર કોઈપણ સ્થાને માઉસ પોઈન્ટર રાખીને ડ્રેગ કરી શકાય છે.




Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

પિક્ચરના શીર્ષકને ઉમેરવા માટે ટેક્સ્ટ બૉક્સનો ઉપયોગ કરીશું. ટેક્સ્ટ બૉક્સ એક લંબચોરસ વિસ્તાર છે જ્યાં આપણે લખાણ ટાઈપ કરી શકીએ છીએ. સૌપ્રથમ, ડ્રૉઈંગ ટૂલબારમાંથી *Text* ટૂલ પસંદ કરો. ટેક્સ્ટ બૉક્સ બનાવવા માટે પિક્ચરની નીચે ક્લિક કરી ડ્રેગ કરો. હવે કૅપ્શન ટાઈપ કરી શકો છો. તમે જોશો કે *Line and Filling* ટૂલબારનું સ્થાન ફૉર્મેટિંગ ટૂલ્સ લઈ લેશે, જેનાથી કૅપ્શનના દેખાવને કસ્ટમાઈઝ કરી શકાય છે. આકૃતિ 9.11 શાળાની પ્રવૃત્તિઓની વિગતો આપતી નમૂનારૂપ સ્લાઈડ દર્શાવે છે.




**આકૃતિ 9.11 : શાળાની પ્રવૃત્તિઓ દર્શાવતી સ્લાઈડ**


શાળાની માહિતીને હાઈલાઈટ કરતી કેટલીક વધુ સ્લાઈડ બનાવી શકાય છે. અહીં આકૃતિ 9.12 અને આકૃતિ 9.13માં દર્શાવ્યા મુજબ શાળાના પરિણામો અને શાળાની સિદ્ધિઓ પર બે વધુ સ્લાઈડ ઉમેરી છે.




**આકૃતિ 9.12 : શાળાનું પરિણામ દર્શાવતી સ્લાઈડ**



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in





**આકૃતિ 9.13 : શાળાની સિદ્ધિઓ દર્શાવતી સ્લાઈડ**

ચોથી સ્લાઈડમાં શાળાના પરિણામ દર્શાવતો એક ચાર્ટ છે. ડેટાને ગ્રાફિકલી રજૂ કરવા માટે ચાર્ટ ઉત્તમ છે. સરખામણી કરવા અને વલણો (trends) સમજવામાં સાદા લખાણ અથવા ટેબલ કરતાં ચાર્ટ ઘણા સરળ છે.

હવે, ચાલો આપણે જોઈએ કે સ્લાઈડમાં ચાર્ટ કેવી રીતે દાખલ કરવો :

- પ્રેઝન્ટેશનમાં એક નવી સ્લાઈડ દાખલ કરો અને *Title, Content* લેઆઉટ પસંદ કરો.
- સ્લાઈડનું શીર્ષક દાખલ કરો.
- કન્ટેન્ટ પ્લેસહોલ્ડરમાં *Insert Chart* આઈકન પર ક્લિક કરો. એક પૂર્વનિર્ધારિત ચાર્ટ ઉમેરવામાં આવશે તેની ઉપર ચાર્ટ ટૂલબાર દેખાશે.
- ચાર્ટ ટૂલબાર પરના *Chart Data Table* બટન પર ક્લિક કરો. એક ડેટા ટેબલ વિન્ડો ખૂલશે, જે નમૂનારૂપ ડેટા દર્શાવશે. આ નમૂનારૂપ ડેટાને આકૃતિ 9.14માં બતાવ્યા પ્રમાણે, વાસ્તવિક આંકડાઓ સાથે બદલો અને વિન્ડો બંધ કરો. નવાં મૂલ્યોને દર્શાવવા માટે ચાર્ટ આપમેળે અપડેટ થઈ જશે.




| | | 2022-23 | 2023-24 | 2024-25 |
|---|---|---|---|---|
| | Categories | Y-Values | Y-Values | Y-Values |
| 1 | Class-9 | 83 | 86 | 87.5 |
| 2 | Class-10 | 81 | 85 | 88 |
| 3 | Class-11Science | 87 | 91 | 92.5 |
| 4 | Class-11Comm | 85 | 90 | 93 |

**આકૃતિ 9.14 : ડેટા ટેબલ**



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

આકૃતિ 9.12માં અપડેટ કરેલ ચાર્ટ સાથેની સ્લાઇડ દર્શાવવામાં આવી છે. શાળાની માહિતીનાં વિવિધ પાસાંઓ પર વધુ વિગતવાર સમજૂતી આપવા માટે અન્ય સ્લાઇડ પણ આપણે ઉમેરી શકીએ.

### સ્લાઇડના વ્યૂ

લિબ્રેઑફિસ ઈમ્પ્રેસ વિવિધ સ્લાઇડ વ્યૂ પૂરા પાડે છે. દરેક વ્યૂ પ્રેઝન્ટેશનને અસરકારક રીતે બનાવવા અને વ્યવસ્થાપનમાં મદદ કરવા માટેના ચોક્કસ હેતુ માટે ડિઝાઇન કરવામાં આવ્યો છે. વર્કસ્પેસની ઉપર આપવામાં આવેલા ટેબ્સ અથવા *View* મેનુમાં જઈને આ વ્યૂને બદલી શકાય છે.

ઈમ્પ્રેસ પાંચ વ્યૂની સુવિધા પ્રદાન કરે છે : *નૉર્મલ (Normal)*, *આઉટલાઈન (Outline)*, *નોટ્સ (Notes)*, *હેન્ડઆઉટ (Handout)*, અને *સ્લાઇડ સૉર્ટર (Slide sorter)*. ચાલો, ઈમ્પ્રેસમાં સ્લાઇડના વ્યૂ પર કામ કરવાની વિવિધ રીતો વિશે ટૂંકમાં જોઈએ.


### નૉર્મલ વ્યૂ

*નૉર્મલ* વ્યૂનો ઉપયોગ કરીને સ્લાઇડ બનાવવાનું, ફોર્મેટિંગ કરવાનું અને ડિઝાઇન કરવાનું કાર્ય કરવામાં આવે છે. આ તે જગ્યા છે જ્યાં આપણે ટેક્સ્ટ, ગ્રાફિક્સ, વિડિયો, એનિમેશન વગેરે જેવા ઑબ્જેક્ટ્સ ઉમેરીશું. કોઈ ચોક્કસ સ્લાઇડ પર કામ કરવા માટે સ્લાઇડ પેનમાં તેના થમ્બનેલ પર ફક્ત ક્લિક કરવાથી તે *નૉર્મલ* વ્યૂના મુખ્ય વર્કસ્પેસ વિસ્તારમાં દેખાશે. સ્લાઇડનો *નૉર્મલ* વ્યૂ આકૃતિ 9.9માં દર્શાવ્યો છે.

### આઉટલાઈન વ્યૂ (Outline View)

*આઉટલાઈન* વ્યૂ તમામ પ્રેઝન્ટેશન સ્લાઇડને ક્રમબદ્ધ દર્શાવે છે. પરંતુ તે માત્ર લખાણ દર્શાવે છે. વિષયનાં શીર્ષકો અને બુલેટેડ અથવા નંબરવાળી સૂચિને અહીં ડાબી બાજુએ ગોઠવાયેલ લખાણ તરીકે રજૂ કરવામાં આવે છે. આ વ્યૂ જાણીજોઈને ડ્રોઈંગ ઑબ્જેક્ટ્સ, તે ઑબ્જેક્ટ્સની અંદરનું લખાણ અને સ્લાઇડના નામને પણ છુપાવે છે, જેથી ધ્યાન ફક્ત પ્રેઝન્ટેશનની રચના અને કન્ટેન્ટ પર રહે.

*આઉટલાઈન* વ્યૂનો ઉપયોગ કરી સ્લાઇડમાં ઝડપથી ટેક્સ્ટ ઍડિટિંગ કરી શકાય છે. આકૃતિ 9.15માં બતાવ્યા પ્રમાણે ડાબા અને જમણા એરો બટનનો ઉપયોગ કરીને આપણે સરળતાથી લખાણ ઉમેરી કે ડિલીટ કરી શકીએ છીએ, લખાણને ખસેડી તથા કૉપી કરી શકીએ છીએ, અને ફકરાનું આઉટલાઈન લેવલ પણ બદલી શકીએ છીએ.





**આકૃતિ 9.15 : આઉટલાઈન વ્યૂ**



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## નોટ્સ વ્યૂ (Notes view)

*નોટ્સ વ્યૂ* તે જગ્યા છે જ્યાં સ્લાઇડમાં વ્યક્તિગત નોંધ ઉમેરી શકાય છે. આ નોંધ ફક્ત આપણા પોતાના સંદર્ભ માટે હોય છે અને સ્લાઇડ શો દરમિયાન દેખાશે નહીં. નોંધ ઉમેરવાનું શરૂ કરવા માટે સ્લાઇડની નીચે આપેલા ટેક્સ્ટ બૉક્સમાં આવેલ *Click to add notes* પર ક્લિક કરો, અને ટાઇપ કરવાનું શરૂ કરો. આપણે નોટ્સ ટેક્સ્ટ બૉક્સનું કદ પણ કોઈપણ અન્ય વિન્ડોની જેમ બદલી શકીએ છીએ. આ માટે બોર્ડર પર પોઇન્ટર મૂકી તેને ઇચ્છિત કદ સુધી ડ્રેગ કરી શકાય છે. આ નોંધનો ઉપયોગ સામાન્ય રીતે પ્રેઝન્ટેશન દરમિયાન પ્રસ્તુતકર્તાને વધારાની માહિતી અથવા રિમાઇન્ડર્સ આપવા માટે થાય છે. નોટ્સ વ્યૂ આકૃતિ 9.16માં દર્શાવેલ છે.




**આકૃતિ 9.16 : નોટ્સ વ્યૂ**


## હેન્ડઆઉટ વ્યૂ (Handout View)

*હેન્ડઆઉટ* વ્યૂ મુખ્યત્વે એક જ પાનાં પર બહુવિધ સ્લાઇડ છાપવા માટે વપરાય છે, જે પ્રસ્તુતકર્તા અને પ્રેક્ષકો બંને માટે ખૂબ જ ઉપયોગી છે. છાપતી વખતે સ્લાઇડનો એકંદર દેખાવ અને પ્રવાહ તપાસવાની આ એક સરસ રીત છે. હેન્ડઆઉટ્સ પ્રેઝન્ટેશનની સામગ્રીની હાર્ડકોપી પૂરી પાડે છે, જેનાથી તેઓ વિષયને અનુસરી શકે છે અને નોંધ લઈ શકે છે.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

જ્યારે આપણે પ્રિન્ટ માટે તૈયાર હોઈએ, ત્યારે *હેન્ડઆઉટ* વ્યૂનો ઉપયોગ કરીને પેજ લેઆઉટ સેટ કરીશું. એટલે કે દરેક પ્રિન્ટ થયેલ પેજ પર આપણને કેટલી સ્લાઈડ જોઈએ છે તે પસંદ કરીશું. આપણી જરૂરિયાતો અનુસાર, આપણે વિવિધ લેઆઉટ વિકલ્પોમાંથી પ્રતિ પેજ 1, 2, 3, 4, 6, અથવા 9 સ્લાઈડના વિકલ્પ પસંદ કરી શકીએ છીએ. હેન્ડઆઉટ વ્યૂને પ્રિન્ટ કરવા માટેનું ડાયલોગબોક્સ આકૃતિ 9.17માં દર્શાવેલ છે.




**આકૃતિ 9.17 હેન્ડઆઉટ વ્યૂ**

## સ્લાઈડ સૉર્ટર વ્યૂ (Slide Sorter View)

સ્લાઈડ સૉર્ટર વ્યૂ પ્રેઝન્ટેશનની તમામ સ્લાઈડને નાના થમ્બનેલ્સ સ્વરૂપે દર્શાવે છે, જે આખા પ્રેઝન્ટેશનની સંપૂર્ણ ઝાંખી પૂરી પાડે છે. સ્લાઈડને સરળ ડ્રેગ-એન્ડ-ડ્રોપ ક્રિયા દ્વારા ક્રમ બદલી ફરીથી ગોઠવવા માટે અથવા એકસાથે ઘણી સ્લાઈડ પર ફેરફારો લાગુ કરવા માટે આ વ્યૂ અતિ ઉપયોગી છે. સ્લાઈડ સૉર્ટર વ્યૂ આકૃતિ 9.18માં દર્શાવેલ છે.




**આકૃતિ 9.18 : સ્લાઈડ સૉર્ટર વ્યૂ**



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

### પ્રેઝન્ટેશન સેવ કરવું (Saving Presentation)

હવે જ્યારે આપણે પ્રેઝન્ટેશનમાં કાર્ય પૂરું કર્યું છે ત્યારે, ભવિષ્યના ઉપયોગ માટે તેને સેવ કરી લઈએ.

- *File* મેનુ પર જાઓ અને *Save* વિકલ્પ પસંદ કરો. ઝડપથી સેવ કરવા માટે *Ctrl* + *S* કી પણ દબાવી શકાય છે.
- *Save As* ડાયલોગ બૉક્સ ખૂલશે. *File name* ફિલ્ડમાં ફાઈલનું નામ લખો.
- *Save* બટન પર ક્લિક કરો.

ફાઈલ એક ઇમ્પ્રેસ પ્રેઝન્ટેશન તરીકે સેવ થઈ જશે, અને એપ્લિકેશન આપમેળે તેમાં *.odp* એક્સ્ટેન્શન ઉમેરશે. *ફાઈલ* મેનુમાંથી *ઓપન (Open)* વિકલ્પ પસંદ કરીને કોઈપણ સમયે આ પ્રેઝન્ટેશન ખોલી શકાય છે.

### સારાંશ

વિચારોને અસરકારક રીતે પહોંચાડવા માટે ડિજિટલ પ્રેઝન્ટેશનનું મહત્ત્વ આપણે સમજ્યા અને ઇમ્પ્રેસનો ઉપયોગ કરીને ડિજિટલ પ્રેઝન્ટેશનની રચના કરતાં શીખ્યાં. આપણે જાણ્યું કે ઇમ્પ્રેસ પ્રેઝન્ટેશન મૂળભૂત રીતે સ્લાઇડ શો છે, જે એકબીજા સાથે જોડાયેલી સ્લાઇડનો સંગ્રહ છે. આપણે સ્લાઇડમાં મલ્ટિમીડિયા ઑબ્જેક્ટ્સ ઉમેરવાનો અભ્યાસ કર્યો અને વિવિધ લેઆઉટ્સ (layouts) તેમજ આકર્ષક માસ્ટર પેજીસ ઉમેરવાનો પ્રયોગ કર્યો. અંતમાં, પ્રેઝન્ટેશનને ફુલ-સ્ક્રીન સ્લાઇડ શો તરીકે કેવી રીતે પ્રદર્શિત કરવી અને વિવિધ સ્લાઇડ વ્યૂનો ઉપયોગ કેવી રીતે કરવો તે શીખ્યાં. હવે પછીના પ્રકરણમાં આપણે ઇમ્પ્રેસની કેટલીક અદ્યતન સુવિધાઓ વિશે જાણીશું, જે કેટલીક વિશેષ અસરોનો સમાવેશ કરીને વધુ આકર્ષક અને અસરકારક પ્રેઝન્ટેશન બનાવવામાં મદદ કરશે.

### સ્વાધ્યાય

**1.** મલ્ટિમીડિયા એટલે શું? મલ્ટિમીડિયાના ઘટકોની યાદી બનાવો.

**2.** સંચારણ માટે મલ્ટિમીડિયાનું મહત્ત્વ જણાવો. એક ઉદાહરણ આપો.

**3.** ડિજિટલ પ્રેઝન્ટેશનનું મહત્વ જણાવો.

**4.** ઉબુન્ટુ સિસ્ટમમાં ઇમ્પ્રેસ એપ્લિકેશન શરૂ કરવાની રીત જણાવો.

**5.** ઇમ્પ્રેસ વિન્ડોના પ્રારંભિક લેઆઉટમાં જોવા મળતા ઘટકોની યાદી બનાવો.

**6.** ટાસ્ક્સ પેનમાં કયા વિભાગોનો સમાવેશ કરવામાં આવે છે?

**7.** માસ્ટર પેજ એટલે શું? ઇમ્પ્રેસ માટે કયું માસ્ટર પેજ પૂર્વનિર્ધારિત છે?

**8.** કસ્ટમ એનિમેશન અને સ્લાઇડ ટ્રાન્ઝિશન વચ્ચેનો તફાવત જણાવો.

**9.** સ્લાઇડમાં ઇમેજ ઉમેરવા માટેનાં પગલાં લખો.

**10.** ચાર્ટ એટલે શું? સ્લાઇડમાં ચાર્ટ કેવી રીતે ઉમેરી શકાય?

**11. સાચું કે ખોટું જણાવો.**

(1) એકવાર પસંદ કર્યા પછી સ્લાઇડ માસ્ટર બદલી શકાતું નથી.

(2) ફૂલ સ્ક્રીન સ્લાઇડ શોને અટકાવવા માટે એસ્કેપ કીનો ઉપયોગ કરવામાં આવે છે.

(3) પ્રેઝન્ટેશનની જુદીજુદી સ્લાઇડ માટે જુદાજુદા લેઆઉટનો ઉપયોગ કરી શકાય છે.

(4) આઉટલાઇન વ્યૂમાં માત્ર ઇમેજ દર્શાવવામાં આવે છે.

(5) હેન્ડઆઉટ વ્યૂની મદદથી એક પાનાં પર 7 સ્લાઇડની ગોઠવણ શક્ય છે.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

**12. ખાલી જગ્યા પૂરો.**

(1) એક પાનાં પર અનેક સ્લાઇડને પ્રિન્ટ કરવા માટે __________ વ્યૂનો ઉપયોગ કરવામાં આવે છે.

(2) નિશ્ચિત સ્લાઇડ સાથે કાર્ય કરવા માટે __________ વ્યૂનો ઉપયોગ કરવામાં આવે છે.

(3) સ્લાઇડ સોર્ટર વ્યૂમાં દર્શાવતા સ્લાઇડના નાના સ્વરૂપને __________ કહે છે.

(4) સ્લાઇડ સાથે અંગત નોંધ ઉમેરવા માટે __________ વ્યૂનો ઉપયોગ કરવામાં આવે છે.

(5) સ્લાઇડ શો અટકાવવા માટે __________ કીનો ઉપયોગ કરવામાં આવે છે.

**13. બહુવિકલ્પી પ્રશ્નો. સૌથી યોગ્ય વિકલ્પ પસંદ કરો.**

(1) નીચેનામાંથી કયું પ્રેઝન્ટેશન સૉફ્ટવેર છે?

(a) Impress (b) Writer (c) Base (d) Calc

(2) ઈમ્પ્રેસ વિન્ડોમાં સૌથી ઉપર આવેલા આડા પટ્ટાને શું કહે છે?

(a) સ્ટેટસ બાર (b) સ્ટાન્ડર્ડ ટૂલબાર (c) ટાઈટલ બાર (d) ડ્રૉઈંગ ટૂલબાર

(3) કયા ટૂલબાર પર New, Open અને Save ટૂલ બટન આપવામાં આવ્યાં છે?

(a) ડ્રૉઈંગ ટૂલબાર (b) લાઈન એન્ડ ફીલિંગ ટૂલબાર

(c) સ્ટાન્ડર્ડ ટૂલબાર (d) પિક્ચર ટૂલબાર

(4) પ્રેઝન્ટેશનમાં આવેલ સ્લાઇડના થમ્બનેલ વ્યૂ કયા વિભાગમાં જોવા મળે છે?

(a) ટાસ્કસ પેન (b) સ્લાઇડ પેન (c) વર્કસ્પેસ (d) સ્ટેટસ બાર

(5) કઈ પેનલમાં માસ્ટર પેજ, લેઆઉટ અને ટેબલ ડિઝાઈન જેવા પેટાવિભાગ આપવામાં આવ્યા છે?

(a) ટાસ્કસ પેન (b) સ્લાઇડ પેન (c) વર્કસ્પેસ (d) સ્ટેટસ બાર

(6) નીચેનામાંથી કયું સ્લાઇડ માસ્ટર પૂર્વનિર્ધારિત છે?

(a) Designed (b) Bordered (c) Blank (d) Highlighted

(7) સમય સાથે કરવામાં આવતા વિઝ્યૂઅલ ફેરફારોને શું કહે છે?

(a) Image (b) Audio (c) Text (d) Animation

(8) પ્રેઝન્ટેશનમાં એક સ્લાઇડ પછી બીજી સ્લાઇડ રજૂ કરવામાં આવે ત્યારે દર્શાવવામાં આવતી વિઝ્યુઅલ અસરને શું કહે છે?

(a) સ્લાઇડ ટ્રાન્ઝિશન (b) કસ્ટમ એનિમેશન (c) સ્લાઇડ ડાઈનેમિઝમ (d) સ્લાઇડ ટ્રાન્સફોર્મેશન

(9) ઈમ્પ્રેસ ઈન્ટરફેસમાં કયા બારમાં ઝૂમ સ્લાઇડર દર્શાવવામાં આવે છે?

(a) ટાઈટલ બાર (b) મેનુ બાર (c) સ્ટાન્ડર્ડ ટૂલબાર (d) સ્ટેટસ બાર

(10) આખા સ્ક્રીન પર સ્લાઇડ શો શરૂ કરવા માટે કઈ શોર્ટકટ કીનો ઉપયોગ કરવામાં આવે છે?

(a) F3 (b) F5 (c) F7 (d) F10



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## પ્રાયોગિક સ્વાધ્યાય

1. શાળાના પ્રેઝન્ટેશનમાં શાળાનો ઈતિહાસ, વિદ્યાર્થીઓની ઉપલબ્ધિઓ, દરેક વિભાગની સુવિધાઓ વગેરે વિગતો ધરાવતી સ્લાઈડ ઉમેરો.
2. તમારા ગણિતના પાઠ્યપુસ્તકમાં આપવામાં આવેલ કોઈ પ્રમેયને એક પછી એક પગલા દ્વારા સમજૂતી આપતું પ્રેઝન્ટેશન બનાવો. પ્રમેય સમજાવવા માટે જરૂરી ઈમેજ દોરવા માટે ડ્રૉઈંગ ટૂલબારનો અસરકારક ઉપયોગ કરો.
3. ભારતની વિવિધ ભૂગોળ, ધર્મો, ભાષાઓ અને સંસ્કૃતિઓને દર્શાવતા એક પ્રેઝન્ટેશનની રચના કરો, અને સમજાવો કે આટલી ભિન્નતાઓ હોવા છતાં એકતા કેવી રીતે જાળવવામાં આવે છે.
4. વિદ્યાર્થીના જીવનમાં રમતગમતનું મહત્ત્વ દર્શાવતું પ્રેઝન્ટેશન તૈયાર કરો.
5. ગ્લોબલ વોર્મિંગનાં કારણોની વિગતો આપતું પ્રેઝન્ટેશન તૈયાર કરો, અને પૃથ્વીને તેનાથી બચાવવા માટે આપણે શાં-શાં પગલાં લેવાં જોઈએ તેમજ કઈ-કઈ બાબતો ટાળવી જોઈએ તેની પણ રૂપરેખા આપો.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in